# વાલીના હકારાત્મક વર્તનવ્યવહાર

ગત શનિવારની આ જ કોલમમાં શિક્ષણને ધ્યાનમાં રાખીને કેટલાક વાલીની કેટલીક નકારાત્મક માનસિકતા વિશે વાત કરી હતી. જાવા વાલી મિત્રોએ પોતાની નકારાત્મક માનસિકતામાંથી બહાર આવીને આદર્શ વાલી બનવા અંગે સલાહ પણ અપાઇ હતી. આજે વાલીની હકારાત્મક માનસિકતાના કેટલાક ઉદાહરણ વાચક સામે રજૂ કરવા છે. જે સૌ વાલી મિત્રો માટે પ્રેરણાદાયી બની શકે તેમ છે.

અમદાવાદમાં જ મીઠાખળી વિસ્તારમાં હાડકાંના ખૂબ જ જાણીતા એક ડોક્ટર છે, જેમની દીકરી એક શાળામાં અભ્યાસ કરતી હતી, ત્યારે તે શાળાના કોઇ શિક્ષક કે કોઇ વિદ્યાર્થી તે ડોક્ટર પાસે જાય તો તેઓ મફત સારવાર આપતા હતા. આ બાબત આમ તો સામાન્ય લાગે, પણ અસામાન્ય લાગે તેવી વાત એ છે કે, આજે તે ડોક્ટરની દીકરીને તે શાળા છોડે લગભગ પંદરેક વર્ષ થયા હશે, તો પણ આ સીલસીલો તેમણે ચાલુ રાખીને આજે પણ તે શાળાનું નામ લઇને ભૂતકાળના કે વર્તમાનના કોઇ શિક્ષક કે વિદ્યાર્થી જાય તો તેઓ મફત સારવાર આપે છે. આમ આ ડોક્ટર વાલી એક શાળાના આજીવન વાલી હોય તેમ વર્તન કરે છે ! એક બીજો કિસ્સો એ છે કે, એક બાળકે પોતાના ડોક્ટર પિતાને વાત કરી કે તેના વર્ગમાં એક વિદ્યાર્થી લાંબા સમયથી બિમાર છે અને તેની તબિયત સુધરતી નથી, ઉપરાંત તેના વાળી ખૂબ જ સારા મોટા દાક્તરની સારવાર લઇ શકે તેવી તેમની પરિસ્થિતિ નથી. ત્યારે તે બાળકના વાલીએ બિમાર બાળક અને તેના વાલીને પોતાની હોસ્પીટલ પર બોલાવીને મફત સારવાર આપેલી, એટલું જ નહીં દવા તેમજ રીપોર્ટના તમામ ખર્ચ દાક્તર વાલીએ જ ભોગવેલા !

એક શાળાના વિદ્યાર્થીઓ દક્ષિણભારતના પ્રવાસે જઇ રહ્યાં હતાં. એક વાલી બાળકને મૂકવા માટે રેલ્વે સ્ટેશન પર આવેલા. તેમાંના એક વાલીએ શિક્ષકોને વિનંતી સહ પૂછ્યું કે, મારા બાળકના માસા-માસી સુરત રેલ્વે સ્ટેશન પર તેને મળવા આવવાના છે, તો એકાદ-બે મિનિટ માટે મળવા દેશો? શિક્ષકોએ “હા” પાડી. સુરત આવ્યું. પેલા વિદ્યાર્થીએ તેના માસા-માસીને ઓળખી લીધા. બેત્રણ મિનિટ થઇ, ટ્રેનને ઉપડવા માટે સિગ્નલ મળી ગયું. શિક્ષકોએ વિદ્યાર્થીને ટ્રેનમાં બેસવા માટેની સૂચના આપી. ત્યાં જ વિદ્યાર્થીના માસા-માસી બે મોટા કરંડિયા ટ્રેનના ડબ્બામાં મુકવા લાગ્યા. શિક્ષકોએ પૂછ્યું કે, આ શું છે ? જવાબ મળ્યો કે, સાહેબ  આ તો નાસ્તા માટે ખમણ લાવ્યા છીએ. પૂરા ૧૫ કિલો છે, ૧૦૦ વિદ્યાર્થીઓને ખૂટશે નહીં, સાહેબ બરાબર ખવડાવજો. ત્યારે સૌ શિક્ષકો અવાચક થઇ ગયા. એક વિદ્યાર્થીના માસા-માસીને અન્ય વિદ્યાર્થી માટે શું પડી હોય તે આટલો ખર્ચ કરીને, મુશ્કેલી વેઠીને આમ કરે. અંતે શિક્ષકોએ  આભાર માન્યો ત્યારે તેમનો જવાબ હતો, “ સાહેબ, અમારો ભાણો એકલો કશું ખાય અને તેના ભાઇબંધો જોઇ રહે તે કેવું લાગે ? આમપણ અમારા ભાણાના મિત્રો અમારા ભાણા જ થાય ને ?

સવારના ૧૧.૩૦ના આસપાસનો સમય હતો. શનિવાર હોવાને કારણે બાળકો શાળામાંથી વહેલા છૂટયા હતા. કે.જી.માં ભણતાં બાળકોને લઇને તેમની મમ્મીઓ બાળકના દફતર અને વોટરબેગ પકડીને  આવી રહી હતી. બધી મમ્મીઓ રસ્તા પર ચાલતાં ચાલતાં વાતો કરતી હતી. એક બાળકી પગ વડે પથ્થરને ઉછાળતી કૂદાડતી રમતી રમતી આવી રહી હતી. ત્યાં જ તે બાળકીના મમ્મીએ તેને પ્રશ્ન કર્યો કે, “ટીચરને પગે

લાગી“તી બેટા ? આહા ! શું પ્રશ્ન, શું લાગણી ? રસ્તા પર ચાલતાં ચાલતાં એક મા પોતાની બાળકીમાં અનાયાશે જ સંસ્કારનું સિંચન કરી રહી હતી.જેની તેને ખબર પણ નથી. આ બાળકીના મનમાં પોતાના ટીચર માટે અનહદ પ્રેમ ઊભો થશે, માન ઊભું થશે, પરિણામે ટીચરની દરેક બાબત તે સરળતાથી ગ્રહણ કરી શકશે. જે આદર્શ વિદ્યાર્થી અને આદર્શ માનવી બનશે જ. એવા કેટલાંક વાલી કે જે, પોતાના બાળકના શિક્ષક પોતાના ઘેર આવે તો સારો આવકાર આપી શકતા નથી અથવા તો એવા વાલી કે જે, સામાન્ય બાબત માટે પણ શિક્ષકની સામે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતા હોય છે! આવા વાલીએ પેલી મમ્મી પાસેથી ઘણું ઘણું શીખવાનું છે.

એવાં પણ ઘણાં વાલી છે કે, જે કોઇ ઓફિસમાં કામ કરતા હોય અને જો તેમના બાળકના કોઇ શિક્ષક જે તે ઓફિસમાં જાય તો ખૂબ જ મીઠો આવકાર આપે, ચા-પાણીનું પૂછે અને જે કામ લઇને શિક્ષક ગયા હોય તે કામ તાત્કાલિક કરી આપે. જો કામ પૂર્ણ થવામાં એકાદ બે દિવસ લાગવાના હોય તો વાલી જ કહે કે, સાહેબ આપ ધક્કો ન ખાતા, હું તમારી શાળા કે ઘેર પહચડી દઇશ. તેવી જ રીતે ઘણાં વાલી નાનામોટા ધંધા સાથે સંકળાયેલ હોય તો તે વાલી પણ શિક્ષકને ખૂબ જ મદદરૂપ થતાં હોય છે, કામ સારી રીતે ઓછાભાવથી કરી આપતા હોય છે. કોઇપણ સ્વાર્થ વગર પોતાના ખર્ચે કામ કરનાર આવા વાલીની હૂફને કારને ઘણાં શિક્ષકોને વર્ગખંડમાં કામ કરવાનું વધારે પ્રોત્સાહન મળે છે. સામે પક્ષે એવા વાલી પણ હોય છે કે, જેમના ઘેર એક શિક્ષક ટ્યુશનમાં જતાં હશે. વાલીના આગ્રહથી શિક્ષકે ટ્યુશનના ચાર્જમાં પાંચસો રૂપિયા ઓછા લીધા. વાતએમ બની કે, આ વાલીની હાર્ડવેરની દુકાન હતી. પેલા શિક્ષકે સવા સો રૂપિયાની કોઇ વસ્તુ મંગાવી હશે. ટ્યુશન પૂર્ણ થયું ત્યાં સુધી વાલીએ પંચોતેર રૂપિયાની માંગણી ન કરી, પણ ત્યારબાદ થોડા દિવસ પછી તેના નોકરને ચિઠ્ઠી લખીને શિક્ષકના ઘેર ઉઘરાણી કરવા માટે મોકલ્યો હતો !

ટૂંકામાં વાત કરીએ તો વાલીના હકારાત્મક કે નકારાત્મક વ્યવહારની અસર શિક્ષકના વિચારો અને વ્યવહાર પર થાય છે. હા, કેટલાક શિક્ષક સ્થિતપ્રજ્ઞ હોય છે, પણ બધા શિક્ષક સ્થિતપ્ર હોતા નથી. એ પણ સામાજિક સભ્ય છે અને સમાજની હવા તેને પણ લાગે છે. માટે જ શિક્ષક પાસે સારા વર્તનવ્યવહારની અપેક્ષા રાખતા વાલીએ પણ સારો વ્યવહાર કરવો જરૂરી છે.